**તા.૧૪/૦૯/૧૨ સુધી એપલેટ અધિકારી અને ચીફ ફાયર ઓફીસરને મળેલ અપીલ અરજીઓની માહીતી.**

| અનું | વિષય | અપીલના હુકમ નં. તારીખ |
|---|---|---|
| ૧ | કુલ–૨૨૪ હેવી વ્હીકલ ડ્રાઈવરોના કર્મચારી નં.,જન્મ તારીખ, લાયસન્સ, અનુભવના પ્રમાણપત્ર શૈક્ષણિક લાયકાત, જાતિ, ઝોન–વિભાગ,વ્હીકલ્સના નામ નંબર સહિતની પારદર્શી માહીતી ની નકલો મેળવવા બાબત. | એફઈએસ આઉટવર્ડ નં.૭૭૫ તા. ૧૩/૦૭/૧૨ |
| ૨. | એસ.એમ.સી સ્થાનિક સ્વાયત સંસ્થા હોવાથી એમ્બ્યુલન્સ અને શબવાહીની ની સંખ્યા  અપૂરતી હોય પરંતુ ૧૦૦ વ્હીકલ્સની સામે કુલ ૧૩૭ ડ્રાઈવરોની સંખ્યા  હોવા છતાં વાર્ષિક રેટના કોન્ટ્રાકટના ટેન્ડર કયારે બહાર પાડવામાં આવ્યા જેની અને સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રીના ઠરાવ નં.થી સદર કોન્ટ્રાકટ કોને આપવામાં આવ્યો જે અંગેની સંપૂર્ણ પારદર્શિ માહીતીની નકલ મેળવવા બાબત. | એફઈએસ આઉટવર્ડ નં.૭૭૬ તા. ૧૩/૦૭/૧૨ |
| ૩ | એફ.બી.એસ.પી.નં.૧૫૪૫, તા.૧૩/૧૦/૨૦૦૯ના રોજ ટી.પી.સ્કીમ નં.૦૨ (વેસુ), ભરથાણા ફા.પ્લોટ નં.૨૮, ઓ.પી.નં.૧૦૫, રે.સ.નં.૪૧૯/૧, સ્વસ્તિક માઈલ સ્ટોન, એ–બી નામની ઈમારત અનુસંધાને આપે જે કાંઈ ઈન્સ્પેકશન કર્યુ હોય તો તેનો રીપોર્ટ તથા તેવા ફાયર ઈકવીપમેન્ટસ કાયદેસરના છે કે કેમ ? ધારાધોરણ મુજબના છે કે કેમ? તેના પ્રમાણપત્રો મેળવ્યા હોય તો તેની નકલ અને ફાયર સેફટી માટેની સુરત મહાનગરપાલિકાએ બહાર પાડેલ જાહેરનામું તથા તેને લગત નીતી નિયમોની પ્રમાણિત નકલ મેળવવા બાબત. | એફઈએસ આઉટવર્ડ નં.૧૦૬૮ તા. ૨૨/૦૮/૧૨ |

પંકજ એમ. પટેલ
ચીફ ફાયર ઓફીસર

ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ
સુરત મહાનગર પાલિકા
મુગલીસરા, સુરત. ૩૯૫ ૦૦૩.

☎ 91-261 (o): S.M.C.: 2423750 TO 56, FAX: 2451935 / 2422110 (M) 09724345234

અપીલ અરજી નં. ૧/૨૦૧૨
ફોન નં. ૨૪૨૩૭૫૦ થી ૫૬/ ૨૨૯

અરજદાર :– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

સામાવાળા :– ડે.ચીફ ફાયર ઓફીસર અને જાહેર માહીતી અધિકારી

**<u>ફરીયાદની હકીકત :–</u>**

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળની શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તા. ૨૯/૦૩/૨૦૧૨ ની અરજીથી કુલ–૨૨૪ હેવી વ્હીકલ ડ્રાઈવરોની જાહેરાત નં.પીઆરઓ –૫૯૭ તા. ૧૯/૦૩/૨૦૦૭ થી ડ્રાઈવર તરીકે નિમણૂંક આપેલ છે.જેના અનુસંધાનમાં નામ, કર્મ.નં.,જન્મતારીખ,લાયસન્સ, અનુભવ ના પ્રમાણપત્રની,શૈક્ષણિક લાયકાત, જાતિ, ઝોન–વિભાગ, વ્હીકલ્સના નામ, નંબર સહિતની પારદર્શિ માહીતીની નકલો મેળવવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકૂરની અપીલ તા. ૨૮/૦૫/૧૨ની એસ.એમ.સી/એફઈએસ/એફએપી/ નં.૧ /૨૦૧૨–૧૩

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તા. ૨૯/૦૩/ ૨૦૧૨ ની અરજીથી કુલ–૨૨૪ હેવી વ્હીકલ ડ્રાઈવરોની જાહેરાત નં.પીઆરઓ –૫૯૭ તા. ૧૯/૦૩/૨૦૦૭ થી ડ્રાઈવર તરીકે નિમણૂંક આપેલ છે.જેના અનુસંધાનમાં નામ, કર્મ.નં.,જન્મતારીખ,લાયસન્સ, અનુભવના પ્રમાણપત્રની , શૈક્ષણિક લાયકાત, જાતિ ,ઝોન– વિભાગ, વ્હીકલ્સના નામ, નંબર સહિતની માહીતી મેળવવા બાબતે તા. ૨૮/૦૫/૧૨ ની અપીલ અરજીથી માહીતી અધૂરી હોવાનું જણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજી અનુસંધાને મુળ અરજીની નકલ, આપેલ માહીતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહીતીની વિગતો, વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતા કરવા, અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજૂ કરવા તથા માહીતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.એફઈએસ/આઉટવર્ડ નં. ૪૩૬ તા.૦૫/૦૬/૧૨ થી જાહેર માહીતી અધિકારી અને ડે.ચીફ ફાયર ઓફીસર તથા અરજદારને અપીલ દરમ્યાન માહીતી મળે તો તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૯/૦૩/૧૨ની અરજીથી, બાબત હેઠળની માહીતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન ખાતે કરવામાં આવેલ. ત્યારબાદ તા.૧૭/૦૪/૧૨ના રોજ મધ્યસ્થ મહેકમ વિભાગમાંથી જાહેર માહીતી અધિકારી, ફાયર વિભાગને અંશતઃ માહીતી માટે તબદીલ કરવામાં આવેલ છે. જે અંગે ફાયર ખાતાના દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ હોય તેવી ડ્રાઈવરોની નિમણૂંક બાબતેની માહીતી આપવામાં

આવેલ, ડ્રાઈવરોની જન્મતારીખ, લાયસન્સ નંબર, અનુભવનું પ્રમાણપત્ર, શૈક્ષણિક લાયકાત, જાતિ વિગેરે માહીતી નિમણૂંક સમયે અરજદારે મહેકમ ખાતામાં રજૂ કરેલ હોય છે. જેથી સદર માહીતીનો રેકોર્ડ મહેકમ ખાતા દ્વારા નિભાવવામાં આવે છે.

**હુકમ :–**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં ફાયર અને ઈમરજન્સી ખાતા તરફથી ઉપલબ્ધ દફતરી રેકર્ડ આધારે શકય પૂરેપૂરી માહીતી અપાયેલ છે. જેથી સદર અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પંકજ એમ.પટેલ)
એપલેટ અધિકારી
અને
ચીફ ફાયર ઓફીસર
ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ

એફઈએસ/ આઉટવર્ડ નં.
તા.

પ્રતિ,

શ્રી તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેના હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારુ.

RIGHT TO INFORMATION

પંકજ એમ. પટેલ
ચીફ ફાયર ઓફીસર

ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ
સુરત મહાનગર પાલિકા
મુગલીસરા, સુરત. ૩૯૫ ૦૦૩.

☎ 91-261 (o): S.M.C.: 2423750 TO 56, FAX: 2451935 / 2422110 (M) 09724345234

અપીલ અરજી નં. ૨/૨૦૧૨
ફોન નં. ૨૪૨૩૭૫૦ થી ૫૬/ ૨૨૯

અરજદાર :– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

સામાવાળા :– ડે.ચીફ ફાયર ઓફીસર અને જાહેર માહીતી અધિકારી

**<u>ફરીયાદની હકીકત :–</u>**

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારતા.૧૧/૦૪/૧૨ ની અરજીથી એસ.એમ.સી સ્થાનિક સ્વાયત સંસ્થા હોવાથી એમ્બ્યુલન્સ અને શબવાહીની ની સંખ્યા અપૂરતી હોય પરંતુ ૧૦૦ વ્હીકલ્સની સામે કુલ ૧૩૭ ડ્રાઈવરોની સંખ્યા હોવા છતાં વાર્ષિક રેટના કોન્ટ્રાકટના ટેન્ડર કયારે બહાર પાડવામાં આવ્યા જેની અને સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રીના ઠરાવ નં.થી સદર કોન્ટ્રાકટ કોને આપવામાં આવ્યો જે અંગેની સંપૂર્ણ પારદર્શિ માહીતીની નકલ મેળવવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકૂરની અપીલ તા. ૦૧/૦૬/૧૨ની એસ.એમ.સી/એફઈએસ/ એફએપી/ નં.૨ /૨૦૧૨–૧૩

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તા. ૧૧/૦૪/૨૦૧૨ ની અરજીથી એસ. એમ.સી સ્થાનિક સ્વાયત સંસ્થા હોવાથી એમ્બ્યુલન્સ અને શબવાહીનીની સંખ્યા અપૂરતી હોય પરંતુ ૧૦૦ વ્હીકલ્સની સામે કુલ ૧૩૭ ડ્રાઈવરોની સંખ્યા હોવા છતાં વાર્ષિક રેટના કોન્ટ્રાકટના ટેન્ડર કયારે બહાર પાડવામાં આવ્યા જેની અને સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રીના ઠરાવ નં.થી સદર કોન્ટ્રાકટ કોને આપવામાં આવ્યો જે અંગેની સંપૂર્ણ પારદર્શિ માહીતી આપવા બાબતે કોઈપણ જાતનો માહીતીનો પ્રત્યુતર આપેલ નથી એવુ જણાવી એપલેટ ઓફીસર અને ચીફ ફાયર ઓફીસરને તા. ૦૧/૦૬/૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજી અનુસંધાને મુળ અરજીની નકલ, આપેલ માહીતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહીતીની વિગતો, વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતા કરવા, અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજૂ કરવા તથા માહીતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.એફઈએસ/આઉટવર્ડ નં. ૪૬૫ તા.૦૭/૦૬/૧૨ થી જાહેર માહીતી અધિકારી અને ડે.ચીફ ફાયર ઓફીસર તથા અરજદારને અપીલ દરમ્યાન માહીતી મળે તો તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૧૧/૦૪/૧૨ની અરજીથી બાબત હેઠળની માહીતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન ખાતે કરવામાં આવેલ. જે અરજી ડે.ઈજનેર અને જાહેર માહીતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૧૫ તા.૧૩/૦૪/૧૨ થી નિયત સમય અવધિમાં ડે.ચીફ ફાયર ઓફીસર, ફાયર અને ઈમરજન્સી વિભાગને તબદીલ કરવામાં આવેલ.જે અંગે જાહેર માહીતી અધિકારી, ફાયર વિભાગ તરફથી પત્ર નં.એફઈએસ/જાવકનં.૨૭૮ તા.૧૪/૦૫/૧૨થી નિયત સમયમર્યાદામાં પૂરી પાડવામાં આવેલ

**<u>હુકમ :–</u>**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં જાહેર માહીતી અધિકારી અને ડે.ચીફ ફાયર ઓફીસર તરફથી નિયત સમયમર્યાદામાં સંપૂર્ણ માહીતી પૂરી પડાયેલ હોય અપીલ દફતરે કરવામાં આવે છે.

(પંકજ એમ.પટેલ)
એપલેટ અધિકારી
અને
ચીફ ફાયર ઓફીસર
ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ

એફઈએસ/ આઉટવર્ડ નં.
તા.

પ્રતિ,

શ્રી તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેના હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારુ.

RIGHT TO INFORMATION

પંકજ એમ. પટેલ
ચીફ ફાયર ઓફીસર

ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ
સુરત મહાનગર પાલિકા
મુગલીસરા, સુરત. ૩૯૫ ૦૦૩.

☎ 91-261 (o): S.M.C.: 2423750 TO 56, FAX: 2451935 / 2422110 (M) 09724345234

અપીલ અરજી નં. ૩/૨૦૧૨
ફોન નં. ૨૪૨૩૭૫૦ થી ૫૬/ ૨૨૯

અરજદાર :– શ્રી અલ્પેશ કે. ઠકકર

સામાવાળા :– ડે.ચીફ ફાયર ઓફીસર અને જાહેર માહીતી અધિકારી

**<u>ફરીયાદની હકીકત :</u>**

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અલ્પેશ કે. ઠકકર ની તા.૨૮/૦૬/ ૨૦૧૨ ની અરજી થી એફ.બી.એસ.પી.નં.૧૫૪૫, તા.૧૩/૧૦/૨૦૦૯ના રોજ ટી.પી.સ્કીમ નં.૦૨ (વેસુ), ભરથાણા ફા.પ્લોટ નં.૨૮, ઓ.પી.નં.૧૦૫, રે.સ.નં.૪૧૯/૧, સ્વસ્તિક માઈલ સ્ટોન, એ–બી નામની ઈમારત અનુસંધાને આપે જે કાંઈ ઈન્સ્પેકશન કર્યુ હોય તો તેનો રીપોર્ટ તથા તેવા ફાયર ઈકવીપમેન્ટસ કાયદેસરના છે કે કેમ ? ધારાધોરણ મુજબના છે કે કેમ? તેના પ્રમાણપત્રો મેળવ્યા હોય તો તેની નકલ અને ફાયર સેફટી માટેની સુરત મહાનગરપાલિકાએ બહાર પાડેલ જાહેરનામું તથા તેને લગત નીતી નિયમોની પ્રમાણિત નકલ મેળવવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકૂરની અપીલ તા. ૨૪/૦૭/૧૨ની એસ.એમ.સી/એફઈએસ/એફ એપી/ નં.૩ /૨૦૧૨–૧૩

શ્રી અલ્પેશ કે. ઠકકરની તા. ૨૮/૦૬/૧૨ ની અરજીથી એફ.બી.એસ.પી.નં. ૧૫૪૫, તા.૧૩/૧૦/૨૦૦૯ના રોજ ટી.પી.સ્કીમ નં.૦૨ (વેસુ), ભરથાણા ફા.પ્લોટ નં.૨૮, ઓ.પી.નં.૧૦૫, રે.સ.નં.૪૧૯/૧, સ્વસ્તિક માઈલ સ્ટોન, એ–બી નામની ઈમારત અનુસંધાને આપે જે કાંઈ ઈન્સ્પેકશન કર્યુ હોય તો તેનો રીપોર્ટ તથા તેવા ફાયર ઈકવીપમેન્ટસ કાયદેસરના છે કે કેમ ? ધારાધોરણ મુજબના છે કે કેમ ? તેના પ્રમાણપત્રો મેળવ્યા હોય તો તેની નકલ અને ફાયર સેફટી માટેની સુરત મહાનગરપાલિકાએ બહાર પાડેલ જાહેરનામું તથા તેને લગત નીતી નિયમોની પ્રમાણિત નકલ મેળવવા બાબતે તા.૨૪/૦૭/૧૨ ની અપીલ અરજીથી અધિકારી પ્રશ્ન સમજયા નથી અને ઉડાઉ જવાબ આપેલ છે. એવું જણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજી અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહીતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહીતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતા કરવા, અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજૂ કરવા તથા માહીતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.એફઈએસ/આઉટવર્ડ નં.૧૦૨૪/૧ તા.૯/૮/૧૨ થી જાહેર માહીતી અધિકારી અને ડે.ચીફ ફાયર ઓફીસર તથા અરજદારને અપીલ તબકકે અન્ય કોઈ રજૂઆત કે માહીતી અંગેની નારાજગીના સમર્થનમાં આધાર પુરાવા સહિત રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ છે.જેના

અનુસંધાને અરજદાર તરફથી તા.૨૦/૮/૧૨ ના પત્રથી પ્રત્યુતર મળેલ છે. પરંતુ કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૮/૬/૧૨ની અરજીથી બાબત હેઠળની માહીતી માંગતી અરજી ચીફ ફાયર ઓફીસરશ્રી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ વિભાગને કરવામાં આવેલ.જે અંગે અત્રેના પત્ર નં.એફઈએસ/આઉટવર્ડ નં. ૮૬૦ તા. ૧૯/૬/૧૨ થી સ્વસ્તીક માઈલ સ્ટોન , એ–બી નામની ઈમારતમાં ઈન્સ્ટોલ કરવામાં આવેલ ફાયર ફાઈટીંગ સુવિધાઓનું તા.૧૩/૧૦/૦૯ ના રોજ ઈન્સ્પેકશન કરવામાં આવેલ અને સદરહુ બીલ્ડીંગમાં ફાયર ફાઈટીંગ માટેની પૂરતી સુવિધાઓ કરવામાં આવેલ છે જે બાબતનું ન વાંધા પ્રમાણપત્ર શહેર વિકાસ અધિકારી પ્રતિ મોકલવામાં આવેલ હતું. જે મુજબનો જવાબ પાઠવવામાં આવેલ ત્યારબાદ અત્રેના પત્ર નં.એફઈએસ/આઉટવર્ડ નં.૧૦૦૪ તા.૯/૮/૧૨ થી સ્વસ્તીક માઈલ સ્ટોનનું ન વાંધા પ્રમાણપત્રની નકલ અને જાહેર નામાની નકલ મોકલવામાં આવેલ.

## હુકમ :–

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ અપીલ અરજી સંદર્ભે તા.૨૦/૮/૧૨ ના અરજદારના પત્રની વિગતો તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં ફાયર અને ઈમરજન્સી ખાતા તરફથી પૂરેપૂરી માહીતી આપવામાં આવેલ છે. જેથી સદર અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પંકજ એમ.પટેલ)
એપલેટ અધિકારી
અને
ચીફ ફાયર ઓફીસર
ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ

એફઈએસ/ આઉટવર્ડ નં.
તા.

પ્રતિ,

શ્રી            તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેના હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારુ.